# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

સાચવી રાખી હતી કાઢી હવે,
ધારણાં બાંધી હતી ખોટી હવે.

એક યુગ પ્હેલાં થયાં મંડાણ એ,
વાતને વાર્તા અમે માંડી હવે.

સાચવી ને રાખવાં આપી હતી,
ફાટલી ચાદર અમે સાંધી હવે.

માન્યતાઓ જોર પકડી જેમની,
મૂળમાંથી દૂર એ કાઢી હવે.

બારણાં ખુલ્યાં નહીં મજબૂત એ,
કંઈ મળી નહિ કોઈને ચાવી હવે.

પારધી આઘાં ખસો ત્યાંથી હવે,
કોઈ હરણી આવશે સાચી હવે.

એમનાં જ્યાં શ્વાસ ખૂટ્યાં છે હવે,
કોઈ જગ્યા પર નથી પાણી હવે.

- ડો. નિલેશ ચૌહાણ. નીલ

## પાથેય

- રમેશ ઠક્કર

# ધબકતો શબ્દસંચાર...

આપણે ધારતા રહીએ છીએ અને સમય ચાલતો રહે છે..ધારણા અને પ્રાપ્તિ વચ્ચેની ખાઇ એ જ જીવનની વાસ્તવિકતા બની રહે છે..એ બંને વચ્ચે જે ધબકે છે એ આપણી એષણાઓ હોય છે..સામાન્ય માણસ પોતાની આસપાસ વસવસો વીંટીને જીવ્યે જાય છે..કવિ કે સર્જક આ અતૃપ્તિને પણ આગવી બનાવે છે..ભલે એ કશું કરી શકતો ના હોય પણ તોયે શબ્દો થકી એ છડી પોકારી કહી શકે છે કે જો અમને મોકો મળ્યો હોત તો અમે પણ મજાનો આવો ઉપહાર રજૂ કર્યો હોત..

આ હોત અને હોવાની શક્યતાઓ વચ્ચે કેટકેટલી આશાઓ ખંડેર બનીને ધરબાઈ ગઈ હોય છે ! એની યાદી જો બની જાય તો ચોક્કસ રસપ્રદ જ હોય..આ કામ કવિનું છે..આપણે સહુ આપણા દર્દને ઘૂંટિયે છીએ..કવિ કોઇક નમણી સાંજને ઘૂંટે છે..

આપણે દુન્યવી ચીજોને ચૂમતા રહીએ છીએ..એ શ્વાસને ચૂમવાની વાત કરે છે..એ ચૂમે છે એ વાત એટલી એની સંવેદના આપણને ચૂભે છે..આવો અભરખો એ કવિનો જન્મજાત અધિકાર છે..એની પાસે શબ્દોની છાબડી હોય છે એમાં ઉર્મિઓનાં પુષ્પો ભરેલાં હોય છે..એમાં ભળે છે એક ખુમારી અને એ પછી જે અપેક્ષાઓ વ્યકત થાય છે એ અદભુત હોય છે..

આપણે અવકાશની યાત્રાઓ કરીએ છીએ..વજનવિહિન સ્થિતિ કે હવારહિત માહોલમાં જીવતી કોઇ પ્રજાતિઓ શોધવાની મથામણ કરીએ છીએ..ગગનના તારલા આપણા માટે એક પદાર્થ છે..આપણું યાન ફક્ત એક અભિયાન બનીને રહી જાય છે.કવિઓ માટે તારલા એ શણગારનો પર્યાય છે..એને ફૂલની માફક ચૂંટી લાવવાની એક ખેવના લઇ એ જીવતો રહે છે..સદીઓથી ચાંદ અને ચાંદની એને ચકાચૌંધ કરતાં રહ્યાં છે..કવિ આકાશમાંથી ચાંદ તારા તોડીને લાવવાની મહેચ્છા રાખે છે..એ બાબતમાં એને કોઇ શંકા નથી પણ જેના હાથમાં આ કિંમતી સોગાત એ મૂકવા માગે છે એ પ્રિય પાત્ર મળી જાય તો..! આવી એક અવઢવ છે..! કોઇ સામે મળી જાય એ પૂરતું નથી ગમતું જણ સામે આવી જાય એની કલ્પના છે...અને આસ્થાના એ દોરીસંચાર ઉપર જ એનો શબ્દસંચાર સતત ધબકતો રહે છે..!

# સાયકલ મારી સરરરરર જાય..! ગાંધીનગર શહેરના સિંગાપુર સિટી જેવા સાયકલ ટ્રેકની સાયકલ સવારી..!

ગાંધીનગરમાં સિંગાપુર જેવો અલગ સાયકલ ટ્રેક છે અને એના પર 'સાયકલ





મારી સરરરરર જાય, ટીન ટીન ટોકરી વગાડતી જાયપ' એવા ગીત ગાતાં કે હેડફોન ભરાવી સાંભળતા સાયકલ સવાર સડસડાટ સાયકલ સવારી કરે છે. તમને જો આવું વાંચીને નવાઈ લાગતી હોય તો હજુ પણ બીએસએનએલ ટેલીફોન ઓફિસ પાસે આવેલા ફૂટપાથ પર તમને આ ટ્રેકના અવશેષો જોવા મળશે. કારણ કે ખૂબ ટૂંકા ગાળામાં આ ટ્રેક ભૂંસાઈ ગયો છે,

આ વર્ષે છઠ્ઠો વાર્ષિક સાયકલ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. ત્રણ જૂન, ૨૦૧૮ના રોજ ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ તેની સત્તાવાર જાહેરાત કરી હતી. સાયકલ ચલાવવી આરોગ્ય માટે લાભકારક છે. દરરોજ અડધો કલાક સાયકલિંગ કરવાથી સ્થૂળતા, હૃદયરોગ, ડાયાબિટીસ સહિતની બિમારીઓથી બચી શકાય છે. લગભગ ૨૦૦ વર્ષ પહેલાં સાયકલની શોધ થઈ હતી તેવું મનાય છે. એક સમયે માંડ બે ચાર જાતની સાયકલ મળતી હતી. આજે તે જરૂરિયાતનું નહીં પણ ફેશનનું વાહન થઈ ગયું છે અને સાદી સાયકલો તો ભાગ્યે જ મળે છે. હવે તેનું સ્થાન સ્પોર્ટસ સાઈકલે લીધું છે. નેધર્લેન્ડ્સના એમ્સ્ટર્ડમમાં સાયક્લ સવારો માટે સરકાર ખૂબ સભાન છે. અહીં સાયક્લ એટલી લોકપ્રિય છે કે નેધર્લેન્ડ્સના વડાપ્રધાન માર્ક રૂટ પણ ઘણી વાર સંસદ અને ઓફિસે સાયકલ પર જાય છે. આપણે એમ્સ્ટર્ડમને વિશ્વની સાયક્લ રાજધાની પણ કહી શકીએ.




ગાંધીનગરમાં એક અનોખી સાયકલ ક્લબ આવેલી છે. એનું નામ છે જીરૂ, એટલે કે 'ગો ગ્રીન ગાંધીનગર' આ સાયકલ ક્લબ એ ગાંધીનગરની પ્રથમ અને એકમાત્ર સાયકલ ક્લબ છે. આમ તો શરૂઆતમાં આ ક્લબમાં માત્ર યુવતીઓને જ એન્ટ્રી હતી પરંતુ સમય જતાં એમાં યુવાનોને પણ એન્ટ્રી આપવામાં આવી છે. ઈન્ફોસિટી ચાની કીટલી એમનું સ્ટાર્ટિંગ અને ક્લોઝ પોઈન્ટ છે.

ગાંધીનગર શહેર નાનું અને આયોજિત હોવાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખૂબ વ્યથિત છે. અહીં ભીમની છાતી જેવા પહોળા રસ્તા અને ફૂટપાથ છે. ગાંધીનગર સાયકલિંગ ફ્રેન્ડલી શહેર છે. જીરૂ સાયકલ ક્લબ ૨૦૧૫માં પિંકી જહા અને પ્રિયતમા સોનવણે દ્વારા શરૂ કરવામાં આવી ત્યારે માત્ર સાત સભ્યો હતા અને પ્રથમ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું ત્યારે મેયર શ્રીમતી હંસાબેન મોદી હતાં. એ વખતે પ્રથમ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે પણ જોડાયા હતા.

સાયક્લિંગ પ્રવૃત્તિઓને વેગ આપવા અને એમાં પણ ખાસ કરીને યુવતીઓને જોડવા પિંકી જહા દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ ગ્રૂપમાં આઠ વર્ષની વિદ્યાર્થિનીથી લઈને ૮૦ વર્ષના વૃદ્ધા પણ સાયકલને પેડલ મારવા ભેગાં થાય છે. વિદેશમાં જેમ સાયકલ માટે અલગ ટ્રેક હોય છે એવો ગાંધીનગરમાં હોય તો કેવું સારું? સૌને ખૂબ ઓછા રૂપિયામાં સાયકલ ફેરવવા મળે તો કેવું? આવો વિચાર આ ક્લબ મેમ્બર્સને આવતા એ વિશે સૌ કાર્યરત થયા અને ગાંધીનગર શહેરમાં સાયકલ શેરિંગ પ્રોજેક્ટનો વિચાર અમલમાં આવ્યો.

જીરૂ ક્લબ દ્વારા આ વિચારને ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે સમક્ષ રજૂ કર્યો, જે હકીકતમાં પહેલેથી જ આવા વિચારને ઘડવાનો પ્રયાસ કરી રહ્યા હતા એમને તો દોડવું હતું ને ઢાળ મળી ગયો. આમ ગાંધીનગરના માર્ગ પર સિંગાપુર જેવો સાયકલ ટ્રેક પણ આવી ગયો અને સાયકલ પણ આવી ગઈ.

ગાંધીનગરમાં સાયકલ શેરિંગ પ્રોજેક્ટનું કામ ૧૦૦ સાયકલ સાથે શરૂ થયું હતું. એકદમ નાના પ્રમાણમાં શરૂ થયેલો પ્રોજેક્ટ ૭૦૦થી વધુ સાયકલ સુધી વિકસ્યો હતો અને શહેરની અંદર તેમજ તેની બહારના વિસ્તારોમાં લગભગ દરેક સેક્ટરમાં ૨૦થી વધુ સાયકલ સ્ટેન્ડ પરથી સાયકલ મેળવી લોકો આ સાયકલનો ઉપયોગ મુસાફરી અને ફિટનેસ માટે કરી રહ્યા હતા. તમને જાણીને નવાઈ લાગશે કે માત્ર પાંચ રૂપિયા પ્રતિ કલાક એનો ચાર્જ લેવામાં આવતો હતો જે સર્વ સામાન્ય લોકોને પોસાય તેમ હતો. ગુડા અને જીરૂ ક્લબ સાયકલિંગને લોકો સુધી પહોંચાડવામાં અને તેને સરળ, સસ્તું અને મનોરંજક બનાવવા માટે નિમિત્ત બન્યા હતાપ આટલા સારા સાયકલ શેરિંગ પ્રોજેક્ટને કોઈની નજર લાગી જતાં હાલ બંધ પડયો છે.

ગાંધીનગરમાં સાઈકલિંગ પ્રવૃત્તિઓ ખૂબ વધી છે. સમર્પણ પબ્લિક સ્કૂલ દ્વારા સતત બે વર્ષથી સાયક્લોથોન આયોજિત કરવામાં આવે છે જેમાં હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સાયકલ પ્રેમીઓ જોડાય છે. સેક્ટર એકમાં આવેલી પ્રિ સ્કૂલ દ્વારા નાનાં ભૂલકાઓ માટે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગરમાં મનસુખ પંચાલ ૯૨માં વર્ષે સાયકલ ચલાવે છે તો કુસુમ સુથાર ૫૬માં વર્ષે ઓફિસ જવા સાયકલનો ઉપયોગ કરે છે. નિરજ ચૌહાણ, અર્પિત ક્રિશ્ચિયન, મહેશ રાણા, સંજય થોરાત, શીતલ શાહ, સોનલ શાહ, તરંગ હાથી, વત્સલ વોરા, ડૉ. ગૌરાંગ થાનકી, કેયૂર દેસાઈ, ડૉ. મનીષ સુતરીયા, વિવેક શાહ જેવા રેગ્યુલર સાયક્લિસ્ટ તમને ગમે તે રસ્તા પર જોવા મળી શકે છે...

ગાંધીનગરના લોકો સ્વાસ્થ્ય પ્રત્યે સભાન બન્યા છે અને એટલે સાયકલ અપનાવી છે. જીરૂ દ્વારા શહેરમાં સાયકલના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પ્રકારની સાયકલિંગ ઈવેન્ટ્સનું પણ આયોજન કરે છે. જેમાં સાયકલિંગ જાગૃતિ ઝુંબેશ, વિવિધ પ્રકારની સાયકલ રેસ, નિયમિત સવારી, સાયકલ જાળવણી વર્કશોપ, ગ્રુપ રાઈડ, સાયકલિસ્ટ મીટ, સાયકલિંગ વિશે ઓનલાઈન ચર્ચા, વંચિત બાળકોને સાયકલ કે સાયકલિંગ એસેસરીઝનું દાન કરવું. શાળાઓ અને કોલેજના વિદ્યાર્થીઓના બાળકોમાં સાયકલ ચલાવવાને પ્રોત્સાહન આપવું.

ગાંધીનગરના સક્રિય મેયર અને હવે તો ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન પટેલ પણ સાયકલ સવારીના શોખીન છે તેઓ ગાંધીનગરની સાયક્લિંગની દરેક પ્રવૃત્તિઓમાં માત્ર હાજર જ નથી રહેતાં પરંતુ સાયકલ પણ ચલાવે છેપ ગાંધીનગરને જેમ મેયર છે એમ ગાંધીનગરના સાયકલ મેયર પણ છે. પિંકી જહાને નેધરલેન્ડ દ્વારા ગાંધીનગરના પ્રથમ સાયકલ મેયર તરીકે નિયુક્ત થવાનું સન્માન મળ્યું હતું, એમણે બે વર્ષ સાયકલ મેયરની ભૂમિકા ભજવી હતી. ગાંધીનગરના સાયકલ મેયર તરીકે અત્યારે ડૉ. જિજ્ઞાસા ઠુમ્મર નિયુક્ત છે જેઓ સારા સાયક્લિસ્ટ છે.

હિન્દી ફિલ્મોમાં હજુ પણ હીરો હીરોઈનને સાયકલ ચલાવતા હોય દ્રશ્યો દર્શાવવામાં આવે છે. મન્સુરખાનની ફિલ્મ જો જીતા વોહી સિકંદરમાં તો ફિલ્મની કહાની જ સાયક્લ રેસ પર આધારિત હતી. મૅને પ્યાર કિયામાં સલમાન ખાન, લવ યુ જિંદગીમાં શાહરૂખ-આલિયા, જબ વી મેટમાં શાહીદ કપૂર, પીકુમાં અમિતાભ બચ્ચન, દિલ ધડકને દોમાં રણવીર- અનુષ્કા, બરફીમાં રણબીર-પ્રિયંકાનાં સાયકલ ચલાવતા દ્રશ્યો છે. જૂની ફિલ્મોમાં પણ સાયક્લનાં યાદગાર દ્રશ્યો હતા. જેમ કે શાનમાં અમિતાભ અને શશી કપૂરને 'ટેન્ડમ બાઈસિકલ' ચલાવતા દર્શાવવામાં આવ્યા હતા. ફિલ્મ 'પલકોં કી છાંવ મેં'માં રાજેશ ખન્નાને ટપાલીની ભૂમિકામાં 'ડાકિયા ડાર્ક લાંબા ગીત ગાતા દર્શાવવામાં આવ્યા હતાપ આમ સાયકલ એ સામાન્યથી અસામાન્ય સૌની પ્રિય છે!

**રેડ સિગ્નલ:**

ગાંધીનગર શહેરના લોકો અઠવાડિયે માત્ર એક જ દિવસ માટે જો સાયકલ અપનાવી લે તો પર્યાવરણ અને પેટ્રોલની બચત થઈ શકે.!

# ફૂટેલી લાગણીઓ ઉલટ સુલટ થઈ ગરજ્યા કરે, વૃક્ષ કપાવી પાદરમાં જઈ વૃક્ષને પૂજે એમ પણ બને...

સમજણથી રસ્તો નવો હવે ચૂંટવો પડશે
એકડો ફરીથી પર્યાવરણનો ઘૂંટવો પડશે

-રવિ પરમાર

રવિ પરમારના આ શેરથી વાત કરૂ તો શું ખરેખર પર્યાવરણનું જતન કરવા એકડો ઘુંટવો જ પડશે. આપણે આપણા વારસદાર માટે નવો રસ્તો ચૂંટવો જ પડશે. પણ આ રસ્તો હરિયાળો હોવો જોઈએ. રેતાળ નહીં જ... નાની મોટી સંસ્થાઓ આ દિવસે પર્યાવરણને લગતા અને જાળવણી કરવાના હેતુ થી વિવિધ કાર્યકમો યોજે છે. અને વૃક્ષારોપણ કરે છે. ગ્લોબલ વોર્મિંગ એ આપણા સૌ માટે જટિલ પ્રશ્ન બની ગયો છે. પર્યાવરણની સમસ્યા અટકાવવાં દરેક વ્યક્તિએ જાગૃત થઈ આવનાર પેઢી માટે વૃક્ષારોપણ કરવું જ રહ્યું.સમાજમાં પર્યાવરણનું મહત્વ અને એના જતન માટે જાગૃતિ ફેલાવવાનું ઉમદા કાર્ય ઘણા પર્યાવરણ પ્રેમી કરતા હોય છે. પણ વૃક્ષ બધાને સરખું વાતાવરણ અને સરખું ઓક્સિજન આપે છે, તો અમુક લોકો જ કૅમ?

શું આપણે દરેક જણ આ સૂત્ર
વૃક્ષો વાવો, જીવન બચાવો

ને ના આપનાવી ને સાકારના કરી શકીએ. લોકડાઉન સમય દરમિયાન કુદરત કેવી પૂર્ણ રૂપે સ્વચ્છ થઈ ગઈ હતી. માણસો લોકડાઉન શું થયા આડેધડ કપાતા વૃક્ષ બચી ગયા, વાહનોના ધુમાડા બંધ થઈ ગયા. અને ઉધોગોનો ગંદો કચરો અટકી ગયો. અહીંયા જ આપણે સમજી જવુ જોઈએ કે પર્યાવરણને દુષિત કરનાર માણસો જ છે. કુદરતે જ આપણને આ સુંદર જંગલ, વન, બગીચા, નદી, પહાડ કેટ કેટલું નૈસર્ગીક વાતાવરણ આપ્યું છે. પણ આ કુદરતની યોગ્ય જાળવણી કરવાની ફરજ આપણે દિન પ્રતિદિન ચુકી ગયા છીએ.પર્યાવરણને આપણે કેટલું થઈ રહેલા નુકશાન પહોંચાડીએ છીએ. દરવર્ષે વિશ્વપર્યાવરણ દિને ચાલો સંકલ્પ લઈએ કે પર્યાવરણની જાળવણી ને એક નિત્ય કર્મ બનાવી દઈશું. ખાવુ, પીવું, તૈયાર થવું, રમવું, ફરવું એમ પર્યાવરણની દેખરેખને પણ સામીલ કરશું. હવાનું પ્રદુષણ નિયંત્રિત કરવા યોગ્ય પગલાં લેશું.

એર કુલરમાં કૃત્રિમ ઠંડક માટે જેટલું પાણી રેડીશું એના કરતા એ જ પાણી વૃક્ષ અને ફૂલછોડને આપીશું. વૃક્ષો વાવવા માટે સરકારથી લઈને અલગ અલગ પર્યાવરણ માટે કામ કરતી સંસ્થાઓ પણ અપીલ કરે છે.આ જવાબદારી આપણા સૌ ની હોવી જોઈએ. કોઈ સંસ્થા કે સરકારની નહીં. વાતાવરણ ને શુદ્ધ બનાવવા આપણે પહેલ કરી પગલાં જાતે લેવાના છે. ચાલો આપણે પણ જંગલ,જીવસૃષ્ટિનું જતન કરી માનવજીવનને સ્વસ્થ બનાવીએ. વધુ વૃક્ષારોપણ કરીએ અને આવનાર પેઢી ને શુદ્ધ હવા વારસમાં આપીએ. પર્યાવરણને બચાવી લઈએ, વૃક્ષારોપણ આપણે કરી લઈએ, થશે લીલીછમ ધરતી નક્કીબસ !વૃક્ષોથી ધરા સજાવી દઈએ. ૧૯૭૨માં પમી જૂને સ્ટોકહોમ ખાતે સમગ્ર વિશ્વના દેશોના પ્રતિનિધિઓ પર્યાવરણની જાળવણી એકઠા થયા. તેઓ એ પર્યાવરણની ચિંતા ને ધ્યાનમાં લઈને એની જાળવણી અને વિકાસ માટે માટે એક જાહેરનામું પણ બહાર પાડ્યું. એના ભાગરૂપે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા તા. પમી જૂનનો દિવસ 'વિશ્વ પર્યાવરણ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે, અને પર્યાવરણની સમસ્યા ઉકેલાય અને તેના વિકાસ અને સુરક્ષા કાર્યમાં સહભાગી થાય એ હેતુથી પ્રતિવર્ષ તા. પમી જૂને 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કર્યું. એક માહિતી અનુસાર વિશ્વમાં પ્રકૃતિના સંરક્ષણનો પ્રારંભ સર્વપ્રથમ ત્રીજી સદીમાં સમ્રાટ અશોકે કર્યો હતો. આજે પણ એ શિલાલેખોમાં પ્રકૃતિનું મહત્વ સમજાવતા વન્ય જીવ-જંતુઓના શિકાર પર અંકુશ અને રક્ષણના નિયમો જોવા મળે છે.




પર્યાવરણને બચાવવા માટે ''વધુ વૃક્ષો વાવો'', ની ઝુંબેશ જરૂરી છે. પર્યાવરણ એ પ્રકૃતિ માટે અનિવાર્ય છે. વરસાદ, લીલોતરી,શુદ્ધ હવા આ બધું વૃક્ષારોપણ હશે તો જ શક્ય થશે. ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેન્ટ ચેન્જ જેવી પર્યાવરણીય સમસ્યા એ આવનાર પેઢી માટે ખુબ મોટી સમસ્યા છે. આપણા વારસદારને સંપત્તિ ની જગ્યાએ શુદ્ધ હવા અને લીલોતરી આપતાં જઈએ.

ચાલો ''વિશ્વ પર્યાવરણ દિવસે'' સહુ સંકલ્પ કરીએ. 'વૃક્ષો વાવો, જીવન બચાવો' દરેક પ્રસંગે એક છોડ વાવીએ અને ગિફ્ટમાં પણ છોડનો રિવાજ અપનાવીએ. પર્યાવરણની સુરક્ષા માટે સજજ થઈએ અને આપણું ભવિષ્યને સુરક્ષિત કરીએ. વૃક્ષોનું જતન કરી ભવિષ્યની સુરક્ષામાં નિશ્ચિત થઈ જઈએ. ઘર કે ઓફિસની આસપાસની વૃક્ષારોપણ કરીએ. જગ્યાનો અભાવ હોય તો કુંડા અને ન ટેબલ પર નાના નાના બાઉલમાં પણ રોપી શકાય. ઓછી જગ્યા, ગેલેરીમાં કીચન ગાર્ડનનો કોન્સેપ્ટ પણ અપનાવી શકાય.વૃક્ષ છેદન થતું અટકાવીને પણ આપણે મદદ કરી જ શકીએ પર્યાવરણની, આપણા પોતાની.

parulamit198@gmail.com
7201001482

# આધુનિક સમાજની મોંઘી જણસ એટલે વાંચન અને ચિંતન

થોડાક સમય પહેલા જ શિમલા જવાનું થયું. આ ટૂર દરમિયાન બે મહત્ત્વપૂર્ણ સ્થળની મુલાકાત લેવાનો અવસર મળ્યો, જેમાં પ્રથમ છે શિમલાના મોલ રોડ પર આવેલો બૂક કાફે અને બીજું છે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ સ્ટડિઝ્સ. આ બંને સ્થળ પર વિચારોની પવિત્ર અલખનંદા વહેતી ભાળી અને દિલને પારાવાર સકૂન મળ્યો.

વાંચન અને ચિંતન કોઈપણ રાષ્ટ્રની મુખ્યધારાનું અંગ બને એ જે તે રાષ્ટ્ર માટે પ્રગતિકર બાબત બની રહે છે. વાંચનથી વ્યક્તિ નવો બને છે. તેના પોતાના આંતરવિશ્વનો વ્યાપ વાંચનથી વધે છે અને એની આંખોમાં નવું જોવાની દષ્ટિનું નિર્માણ થાય છે. પરંતુ ન વાંચતા અને વાંચતા વ્યક્તિ વચ્ચેનો મહત્ત્વપૂર્ણ ફેર તેમની અભિવ્યક્તિમાં ડોકાય છે. વાંચતો માણસ જૂના પુસ્તકોની ખુશ્બૂથી પ્રફુલ્લિત બની જાય છે. તેની અંદર મોજ હિલ્લોળા લેવા માંડે છે અને તેનું મન પ્રફુલ્લન પામે છે. જ્યારે ન વાંચતો માણસ મનુષ્યજીવનને વારસામાં મળેલી સામૂહિક રેસ્ટલેસનેસથી પીડાય છે.




આ ઉપરાંત વાંચન દરમિયાન માણસને ખબર પણ પડે છે કે જે વ્યથામાંથી તે પસાર થઈ રહ્યો છે તેમા તે એકલો નથી. આવું તો પહેલા પણ બન્યું છે અને બનતું રહેવાનું છે. આ સાથે તે અનેક વ્યક્તિઓના વૈચારિક પાકનો ટેસ્ટ કરી શકે છે, જે સરવાળે તેના પોતાના ટેસ્ટમાં તીવ્રતા ઉમેરે છે. અપડેટ થવાની મહત્ત્વપૂર્ણ ઘટના પણ વાંચન દરમિયાન આકાર પામે છે. જ્યારે પણ હું કોઈ વિદ્વાનશ્રેષ્ઠીને મળું ત્યારે તેમની આંતરિક યુવાનીથી પ્રભાવિત થયા વગર નથી રહી શકતો, કેમ કે તેઓ વાંચન થકી સતત નવા પ્રવાહોમાં પલળતા રહે છે. પણ સાથોસાથ ખૂબ વાંચ્યુ હોવાની વાતો કરતા લોકો પણ હોય છે જેમની ખરેખર પુસ્તક સાથે કોઈ નિસ્બત નથી હોતી. આવા વ્યક્તિઓ તેમની બોલવાની ચાલથી પકડાઈ જાય છે.

માટે જ હું જ્યારે શિમલાના બૂક કાફે પર ગયો ત્યારે મને જે મોજ પડી તે ત્યાં આપવામાં આવતી ચા અને વડાપાવની કંપનીથી બેવડાઈ ગઈ. આ બૂક કાફેમાં ચારે તરફ પુસ્તકો છે જે વૂડના બનેલા કેબિનમાં બહેતરીન રીતે સચવાયેલ છે. આ બૂક કાફે બે યુવાન ઠાકોર બ્રધર્સ ચલાવે છે. બંને ભાઈઓ પોતે અચ્છા વાચક છે અને કોઈપણ પુસ્તક પર બખૂબી ચર્ચા કરી જાણે છે. આવું કાફે હોવું એ આધુનિક લોકશાહીની મોંઘી જણસ ઘણી શકાય કેમ કે અહીંયા વિના પ્રયત્ને વ્યક્તિમાં અભિવ્યક્તિનું કૌવત ખીલે છે.

વાંચનની સાથે જ ચિંતન પણ મહત્ત્વનું છે. ચિંતન થકી માણસમાં ચેતનાનું સ્તર બદલાય છે. પછી એ આકાશ ભણી નજર કરીને સિતારાઓના લય અનુભવી શકે છે. વહેતી સરિતામાં સરગમ સાંભળી શકે છે. આવી સ્થિતિમાં એની અંદર સતત વિચારોના સ્પાર્ક થયે રાખે છે જેમાં સમાજને નવો રાખવાની શક્તિ રહેલી હોય છે. જ્યારે માણસ વાંચન અને ચિંતનના બેવડા પાકથી લચી પડે ત્યારે તેની અંદર એક આખુ નભ ઉઘાડ પામે છે અને તેનો વિવેક બુદ્ધત્વગામી બને છે. આવા માણસોથી બનેલો સમાજ લોકશાહીના નવા શિખરો સર કરે છે અને વૈશ્વિક ક્રાંતિની ધુરા સંભાળે છે.

**પી.એસ. :**

"તકલીફોમાંથી કટુતા દૂર કરવા હું રોજ પુસ્તકનો સહારો લઉ છું." : નેલ્સન મંડેલા

dharmanshuvaidya88@gmail.com
- 9265049335

# અભેદ જીવન રહસ્યની આરપાર....

જીવનનો હેતુ શું? તેની ગતિ શું? તેનો મર્મ શું? તર્કથી પર, અતર્ક અને અનુભૂતિની બે લીટી વચ્ચેથી ઉપસી આવતું જીવન રહસ્ય અને તેને ઉજાગર કરતું, પોષતું, ત્યાં સુધી પહોંચાડતું સાંદીપનિસમ અમૃત એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા. શું ખરેખર જીવતેજીવ જીવનને પામી શકાય ખરું? શું શ્વાસ ચાલતાં હોય અને મૃત્યુને આગતુંક બની યોગ્ય સમયે પોંખી શકાય ખરું? સ્મિત સાથે પીડાઓ પચાવી સુખ દુઃખથી "પર" બની શકાય ખરું? નિર્લેપ બની મોહ માયાઓના લીંપણમાંથી સમયસર નીકળી શકાય ખરું? તો આ બધા પ્રશ્નોનો જવાબ છે. 'હા'. ચોક્કસ.

સીધી સરળ ભાષામાં કહીએ તો જેમ કમળ પાણીમાં જ રહેતું, સંચરતું, અને ખીલતું હોવાં છતાં પાણીની બુંદ માત્ર પણ કમળ પાંદડીને સ્પર્શી શુદ્ધા નથી શકતી. એ આ આસક્તિ જેને માનવીય ભાષામાં લગાવ કહીએ છીએ તે જ ઘાવ આપતું હોય છે. અને આ જ આસક્તિરૂપી પાણીની ભીનાશથી જો કમળ દ્રઢનિશ્ચયી બની નિસ્પૃહ, નિર્લેપ રહી શકતો હોય, તો ઈશ્વરે તો આખેઆખું માનવીયજીવન જીવીને, જીવનરૂપી સૂક્ષ્મ અને સ્થૂળ મહાભારતને કંઈ રીતે જીવવું, જીતવું અને મોક્ષરૂપી સંજ્ઞાને આત્મસાત કંઈ રીતે કરવું એ સમજાવતી જીવનનાવની હલેસાસમ શ્રીમદ્ ભગવદ્ ગીતા આપી છે. તેનો સહર્ષ સ્વીકાર, ચયન અને મનન કોઈ પણ માણસના માનસનું "આધ્યાત્મિક એન્જિનિયરિંગ" કરીને તેને સ્થિતપ્રજ્ઞતાના લેવલ સુધી લઈ જવામાં ચોક્કસથી મહત્વનો ભાગ ભજવે છે.

જીવન એ "વન" જેવું સૌમ્ય હોવું જોઈએ,
જંગલ જેવું અસ્તવ્યસ્ત અને ઉભડક બાહ્ય આવરણોના દાવાનળ જોડે કાયમ બાથ ભરતું નહીં.

"પ્રકૃતિ તરફ પાછા વળો" એ સૂત્ર જ્યારે આપણે સાંભળીએ છીએ ત્યારે, એ પ્રકૃતિમાં માત્ર વૃક્ષો, નદી, પહાડો જ નથી આવતાં. આપણી મૂળભૂત પ્રકૃતિ, આપણી સંસ્કૃતિ "સ્વ" ને આધીન એવી કોઈ પણ બાબત જે આપનો સનાતન ધર્મ છે તે તરફ પાછા વળવાની વાત છે. આપણી સંસ્કૃતિની એવી કોઈ પણ બાબત નથી કે જે સાયન્સ જોડે જોડાયેલ નથી. સતત બાહ્ય જગતમાં પ્રવૃત્તિ રહેતી આપણી બુદ્ધિ, મન અને આત્માને ઈન્ટેલેક્ચુઅલ દિશામાં આગળ વધારવામાં આવે, સરળ ભાષામાં ઈશ્વરના લયમાં સ્વરબંદ્ધ કરવામાં આવે તો તે પોતાના "સ્વ" સાથેનું કનેક્શન રિટ્રાઈવ કરી શકશે.




આત્મા સાથેનું અનુસંધાન હોય ને ત્યારે જ તમે પ્રસન્ન રહીને જીવન જીવી શકો. બધું જ હોવાં છતાં "સ્વ" થી વિખુટો પડેલો માણસ નિઃસહાય અને આંતરિક રીતે નિરાધાર જ રહેવાનો. સામાન્ય રીતે આપણે બાહ્ય જીવનમાં કેટલું ખેડાણ કર્યું તેને જ પ્રગતિ તરીકે માપવામાં આવે છે. સાચી પ્રગતિ તો ભીતરની પ્રવાસયાત્રામાં કેટલાં પડાવો પાર કર્યા તેનાં પર છે.તમારાં દરેક કર્મનું અંત્યબિંદુ પ્રસન્નતામાં પરિણામે છે. ખુશીનો ભાવ આંતરિક રીતે સહજ અનુભવાય છે. તમે સરળતાને આત્મસાત કરી શકો છો. સરળતાને જીવનરીતિ બનાવી શકો છો. તો તમે સાચી દિશામાં પ્રગતિ કરી રહ્યા છો. સાચું કર્મ નિર્બંધ આનંદનાં ઝરણામાં પ્રતિપળ આપણને જીવાડે છે.

મંદિરમાં અને પાણિહારે દીવો કરવામાં આવે તે ઘી નું દહન હવાને પ્યોર કરી ઓક્સિજનનું પ્રમાણ ઘરમાં વધારે છે. માટે ભલે આર ઓ ઘરમાં હોય માંટલારુપી નાનકડું પાણિહારુ અવશ્ય રાખવું જોઈએ. અને ત્યાં ચોક્કસથી દીવો કરવો જોઈએ. યજ્ઞમાં થતું ઘીનું દહન તો આખી સોસાયટીમાં એક મહિના સુધી વાતાવરણ શુદ્ધ રાખી શકે છે. આખાં વિશ્વની ઉત્પત્તિ જે ૐ માંથી થઈ તે રાત્રે સુતાં પહેલાં મોબાઈલ મચેડવાની જગ્યાએ ૐ નો ઉચ્ચાર કરીને સુઈ જવામાં આવે તો આખી રાત આપણાં સબ કોન્સિયસ માઈન્ડ પર તેની જબરજસ્ત અસર થાય છે. જેની પાછળ આખું સાયન્સ છે. તમે એ,બી,સી,ડી બોલો તે ગળાનાં ઉપરના ભાગમાંથી જ બોલાશે. જ્યારે ક, ખ, ગ આખો બોલશો તે છેક ઊંડાણથી બોલાશે. જે હૃદયમાંથી પસાર થઈને સંભળાતું કે બોલાતું હોય તે જ હૃદય સાથે કનેક્ટ થઈ શકે છે. માટે આપણે શાળામાં "ક કમળનો ક" એવું સમૂહમાં બોલતા ત્યારે છેક અંદરથી તેનું પ્રતિબિંબ પડતું, પડઘો પડતો. તેની પાછળનું પણ ઘણું ઊંડું સાયન્સ છે. માટે માતૃભાષાનું સન્માન, સત્કાર અને આવકાર હોવો જ જોઈએ. અને આપણા બાળકોને માતૃભાષા પર ગર્વ થાય એટલું ભાથું જો આપી શકીએ તો તેનું ઋણ કંઈક અંશે અદા કરી શકીશું. ચાર વેદ અને ૧૮ પુરાણોમાં જીવનનાં બધા જ તાણાવાણા, બધા જ પ્રશ્નો, બધા જ ગૂંચવાડાઓના રસ્તા અને રહસ્યો છે. જેનો સ્વીકાર અને સન્માન થવો જ જોઈએ. એ જ સત્ય છે. આજે માનવતાના જે પ્રશ્નો ઉદ્ભવે છે દયા, કરુણા, વિશ્વાસ, પ્રામાણિકતા જેવાં મૂલ્યો ઘટી રહ્યા હોવાનું જે તારણ બહાર આવે છે, તેનું એક બહુ મોટું કારણ આપણે આપણી સંસ્કૃતિથી, આપણાં "સ્વ"થી દૂર જઈ રહ્યા છે. તે કારણ છે. આપણી સંસ્કૃતિની જાળવણી કરવી, એ માનવતાની અને માનવીય મૂલ્યોની જાળવણી કરવા બરાબર છે.

- mitalpatel56@gmail.com